# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૫ તા.૦૭-૧૦-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- Digital Gujarat Portal પર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ પૈકીની અતિ પછાત/વધુ પછાત જાતિના વિદ્યાર્થીઓની યોજનાના અમલ બાબત.

સંદર્ભ :- જિનાનિ/વિજાક/શિક્ષણ/૨૦૨૨-૨૩/૨૬૮૭ જિલ્લા નાયબ નિયામકશ્રી,વિકસતી જાતિઓના કલ્યાણની કચેરીનો તા.૨૭-૦૯-૨૦૨૨નો પત્ર.
(વર્ષ ૨૦૨૨-૨૩) (Website:https://www.digitalgujarat.gov.in)

આથી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી અતિ પછાત અને વધુ પછાત જાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ (OBC-3),ડૉ.આંબેડકર વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ આમ-૨ શિષ્યવૃત્તિ યોજનાઓને મર્જ કરીને PM Young Achievers Scholarship Award Scheme for Vibrant India (PM YASASVI) for OBC and Others અંતર્ગત પેટા યોજના Pre Matric Scholarship for OBC,EBC અને DNT Student વર્ષ ૨૦૨૧- ૨૨ થી ૨૦૨૫-૨૬ સુધી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટે ધો.૧ થી ૮ના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના અતિ પછાત/વધુ પછાત જાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના BCK-289-85 Pre-Metric Scholarship for OBC Most Backward Class (Std.1-8) યોજના તા.૨૬-૦૯-૨૦૨૨ના રોજથી ઓનલાઇન Digital Gujarat Portal પર ઓનલાઇન ચાલુ કરવામા આવેલ છે.જેથી વિદ્યાર્થીઓની દરખાસ્ત સત્વરે તૈયાર કરી સંલગ્ન કચેરીને મોકલી આપવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૭-૧૦-૨૦૨૨

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

જિનાનિ/વિજાક/શિક્ષણ/૨૦૨૨-૨૩/ ૨૬૫૦
જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિઓના કલ્યાણની કચેરી,
'ઇ' બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન,
મંજુશ્રી મિલ કમ્પાઉન્ડ, ગિરધરનગર,
અસારવા,અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન નં.- ૦૭૯-૨૯૭૦૧૧૨૦
E-mail: dydir-ddcw-ahm@gujarat.gov.in
તા.૨૭/૦૯/૨૦૨૨

પ્રતિ,
શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ
સમિતી, નવરંગપુરા
અમદાવાદ- ૩૮૦૦૦૯

વિષય:- Digital Gujarat Portal પર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ પૈકીના અતિ પછાત/ વધુ પછાત જાતિના વિદ્યાર્થીઓની યોજનાના અમલ બાબત. (વર્ષ ૨૦૨૨-૨૩)(Website: https://www.digitalgujarat.gov.in)

જય ભારત સહ જણાવવાનું કે, કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગો પૈકી અતિ પછાત અને વધુ પછાત જાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ (OBC-3), ડાં. આંબેડકર વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ માટે પ્રિ.મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ આમ,૨ શિષ્યવૃત્તિ યોજનાઓને મર્જ કરીને **PM Young Achievers Scholarship Award Scheme for Vibrant India (PM YASASVI) for OBC and Others** અંતર્ગત પેટા યોજના **Pre Matric Scholarship for OBC,EBC** અને **DNT Students** વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટે ધો.૧ થી ૮ના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના અતિ પછાત/વધુ પછાત જાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના **BCK-289-85 Pre.Matric Scholarship for OBC Most Backward Class (Std.1-8)** યોજના અંતર્ગત વિદ્યાર્થી દિઠ રૂ.૧૫૦૦/- શિષ્યવૃત્તિ તથા રૂ.૯૦૦/- ગણવેશ સહાય આવક મર્યાદા ધ્યાને લીધા વગર મળવાપાત્ર છે. જે અન્વયે સદરહુ શિષ્યવૃત્તિ અંતર્ગતના અતિપછાત/ વધુ પછાત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિનો અમલ તા.૨૬-૦૯-૨૦૨૨ના રોજથી ઓનલાઈન **DIGITAL GUJARAT** પર ચાલુ કરવામાં આવેલ છે. જેથી તેઓની ઓનલાઈન દરખાસ્ત સત્વરે તૈયાર કરી સંલગ્ન કચેરીને મોકલી આપવા વિનંતી છે.

(જે.એ.વઢવાણા)
જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિઓના કલ્યાણની કચેરી
અમદાવાદ જિલ્લો, અમદાવાદ

બિડાણ: ૧. યોજનાની માર્ગદર્શક સુચનાઓનું પત્રક
૨. અતિ પછાત/વધુ પછાત જાતિઓની યાદી

# યોજનાનું માર્ગદર્શન આપતું પત્રક

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃત્તિ દર (વાર્ષિક) | ગણવેશ સહાય (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | BCK-289-85 Pre.Matric Scholarship for OBC Most Backward Class (Std. 1- 8) | Most Backward Class | ધો.૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૧૫૦૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઈન-એઈડ શાળાઓ |

<u>અન્ય સૂચનાઓ:-</u>

૧. વિદ્યાર્થી ગુજરાતના નાગરીક હોવા જોઈએ, અન્ય રાજ્યનાં વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યમાંથી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લેવાનો રહે છે.

૨. તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઈએ અને શાળાએ નિયમિત આવતા વિદ્યાર્થીઓની દરખાસ્ત કરવાની રહેશે.

3. અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૪. ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થ ઘટન અને અમલ સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

પછાત ૨૪ જાતિઓની યાદી

સા.શૈ.પ.વ.ની વધુ પછાત જતિઓ

| ક્રમ | જાતિનું નામ |
|---|---|
| ૧. | બાવરી |
| ૨. | ડફેર |
| ૩. | ફકીર |
| ૪ | કાંબડીયા ભગત |
| ૫. | ખટીક |
| ૬ | ગાડલીઆ |
| ૭ | કાંગસિઆ |
| ૮ | મદારી |
| ૯. | મે-મેતા |
| ૧૦. | મેણા |
| ૧૧. | નટ, નટ-બજાણીયા, બાજીગર |
| ૧૨. | સરાણીયા |
| ૧૩. | શ્રવણ-સરવણ |
| ૧૪. | શિકલીંગર |
| ૧૫. | વાદી |
| ૧૬. | વણકર-સાધુ |

શૈક્ષણિક રીતે અતિપછાત ૧૨ જાતિઓની યાદી

## સા.શૈ.પ.વ.ની અતિપછાત ૧૨ જાતિઓની યાદી

| ક્રમ | જાતિનું નામ |
|---|---|
| ૧ | ડફેર |
| ૨ | મે, મેતા |
| ૩ | મેણા |
| ૪ | કાંગસીયા |
| ૫ | મદારી |
| ૬ | ગાડલીયા |
| ૭ | બાવરી |
| ૮ | વાંસફોડા |
| ૯ | વણઝારા |
| ૧૦ | ફકીર |
| ૧૧ | વાદી |
| ૧૨ | નટ, નટ-બજાણીયા, બાજીગર |